ધનસુરા તાલુકાના શિણોલ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો

ધનસુરા, તા. ૧૦

ધનસુરા તાલુકાના શિણોલ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો શેઠ.એલ.પી.હાઈસ્કૂલ શિણોલ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ એ લાભ લીધો હતો સરકારની યોજનાઓના લાભ અને સહાયતા અંગેના વ્યક્તિગત પ્રશ્નોના તત્કાલ નિકાલ માટે ૮ થી ૧૦ ગામો ના કલસ્ટર માં સેવાસેતુ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે ત્યારે ધનસુરા ના જુની શિણોલ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં લાભાર્થીઓ એ વિવિધ પ્રજાલક્ષી સેવાઓનો લાભ લીધો હતો. કાર્યક્રમ માં નવી શિણોલ,શિણોલ, નારણપુરા કંપા, ભેંસાવાડા, રમોસ, આમોદરા, જસવંતપુરા, કાશીપુરા, જાલમપુરા, લાલપુર અને કીડી સહિત ના ગામ ના લાભાર્થીઓ એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો આ કાર્યક્રમ માં અધિકારીઓ,પદાધિકારીઓ, ગ્રામજનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામિનારાયણ મંદિર કાંકણોલ ખાતે મેગા હેલ્થ કેમ્પ : સાબરકાંઠા જિલ્લામાં 'નિરામય ગુજરાત' અભિયાનનો શુભારંભ...

બાયડ તા.૧૦

જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ આ જિલ્લાકક્ષાના કાર્યક્રમ તા.૧૨ મી નવેમ્બર, ૨૦૨૧ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ કલાકે હિંમતનગર સ્વામિનારાયણ મંદિર કાંકણોલ ખાતે "નિરામય ગુજરાત" અંતગર્ત મેગા હેલ્થ કેમ્પ કાર્યક્રમનો શુભારંભ કરાશે, જેથી તમામ બિનચેપી રોગથી પીડીત વ્યકિતઓનું તજજ્ઞ ડોકટરશ્રીઓ દ્વારા સ્ક્રીનીંગ હાથ ધરી યોગ્ય નિદાન તેમજ સારવાર આપવામાં આવશે. તેમજ જરૂર જણાયે દર્દીને, જનરલ હોસ્પીટલ/ મેડિકલ સંલગ્ન હોસ્પીટલ/ પી.એમ.જે.વાય.એમ્પેનેલેડ હોસ્પીટલ ખાતે રીફર કરી યોગ્ય સારવાર આપવામાં આવશે.

રાજય સરકારે બિનચેપી રોગો જેવા કે હાયપર ટેન્શન, ડાયાબીટીસ, ઓરલ કેન્સર, સ્તન કેન્સર, સર્વાઈકલ કેન્સર, કિડનીની બિમારીની તપાસ, એનીમીયાની તપાસ અને કેલ્શિયમની ઉણપ વગેરેનું પ્રમાણ ઝડપથી વધી રહયું છે. જેના નિદાન સારવાર અને અટકાયત માટે રાજયના મુખ્યમંત્રીશ્રી દ્વારા પાલનપુર ખાતેથી તા.૧૨/૧૧/ ૨૦૨૧ના રોજ સમગ્ર ગુજરાતના તમામ જિલ્લા અને કોર્પોરેશનમાં "નિરામય ગુજરાત" અંતર્ગત મેગા હેલ્થ કેમ્પ અભિયાનનો શુભારંભ થશે.

આ મેગા હેલ્થ કેમ્પમાં તબીબી અધિકારીશ્રીઓ દ્વારા સ્ક્રીનીંગ કામગીરી, તજજ્ઞો દ્વારા સુપર સ્પેશ્યાલીસ્ટ, જનરલ સર્જન, ફીજીશીયન, સ્ત્રી રોગનાં નિષ્ણાંત, ચામડીનાં રોગોનાં નિષ્ણાંત, ઈ.એન.ટી.સર્જન, દંત સર્જન, આંખના નંબર કાઢવા વગેરે જેવી તબીબી સુવિધાઓ પુરી પડાશે. તેવી જ રીતે લેબોરેટરી સુવિધાઓમાં લોહીની તમામ તપાસ જેવી કે હિમોગ્લોબીન તપાસ, બ્લડ સુગર, સીરમ કએટીન, બ્લડ યુરિયા, યુરિન સુગર- આલ્બ્યુમિન, લીપીડ પ્રોફાઈલ, લીવર ફંકશન ટેસ્ટ, સીરમ કેલ્શિયમ વગેરે સેમ્પલ લઈ યોગ્ય તપાસ કરવામાં આવનાર છે. તેની સાથોસાથ ECG ની સુવિધા, કેમ્પ નિદાન, સારવાર, દવા વિતરણ તેમજ અન્ય તમામ સુવિધાઓ વિનામુલ્યે, સ્છ/ ઁસ્તછરૂ કાર્ડ કાઢવાની સુવિધા ઉભી કરવામાં આવશે. તમામ વ્યકિતઓના હેલ્થ આઈડી બનાવવામાં આવશે. દરેક વ્યકિતને નિરામય કાર્ડ આપવામાં આવશે. કેમ્પના સ્થળે તજજ્ઞો સાથે ટેલીમેડીસીનની વ્યવસ્થા ઉપલબ્ધ રાખવામાં આવશે. કેમ્પમાં ઉપસ્થિત રહેલ દર્દીઓના રેફરલ તેમજ ફોલોઅપની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. તેમ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

જન્મદિને વધામણી

ભારતીબેન ધર્મેશ ભાઈ સોની
વિવેકાનંદ સોસાયટી
બાયડ જી. અરવલ્લી

અનિલભાઈ પટેલ
ધનસુરા

અશ્વિનભાઈ પટેલ
મોરચા પ્રમુખ, અરવલ્લી જિલ્લા ભાજપ ભારતીય કિસાન સંઘ
આણંદપુરા તા. બાયડ

કિરણબેન કે.જોશી
હિંમતનગર

પાયલબેન ગોસ્વામી
આકૂંદ તા. ધનસુરા

દિલાપકુમાર અસ,
ઉપાધ્યાય
ચોઈલા તા. બાયડ

રાજુભાઈ પટેલ
અમદાવાદ

પાલનપુર નગરપાલિકા કામ જીયુડીસીને ન આપવા બોર્ડ દ્વારા ઠરાવ કરાયો

ઠરાવની વિગતો વડી કચેરીએ મોકલવામાં આવશે

પાલનપુર તા. ૧૦

પાલનપુર શહેરમાં જીયુડીસી વિભાગ દ્વારા ભૂગર્ભ લાઈન નાખવાની કામગીરી કરવામાં આવી રહી છે.જે કામગીરી યોગ્ય પ્રકારે ન કરવામાં આવતા ભૂગર્ભ ચેરમેન દ્વારા પાલિકામાં રજૂઆત કરી આગામી સમયમાં પાલનપુર પાલિકાની કામગીરી જીયુડીસીને ન આપવા સર્વાનું મતે ઠરાવ મંજુર કરવામાં આવ્યો હતો.

પાલનપુર શહેરમાં ગાંધીનગર જીયુડીસી વિભાગ અંતર્ગત પાલનપુર શહેરમાં ભૂગર્ભ ગટરલાઈનની કામગીરી કરવામાં આવી રહી છે.પરંતુ તે કામગીરીમાં વેઠવાળવામાં આવી રહી છે.તેમજ કામગીરી દરમીયાન ખાડા ખોદવામાં આવ્યા હતા.તેનું યોગ્ય પ્રકારે સમતળ કરવામાં આવ્યુ નથી.જેના કારણે તે માર્ગ પણ ઉબડખાબડ બની જતા શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ અંગે ભૂગર્ભના ચેરમેન કેશલ જોષીએ જણાવ્યુ હતુ કે પાલનપુર ચાલતી જીયુડીસીની ભૂગર્ભની કામગીરી ગુણવત્તા યુક્ત નથી તેમજ જ્યાં ખોદકામ કરાયુ છે.તે જગ્યા પર રોડ સમતળ પણ કરવામાં આવ્યો નથી.જેથી પાલનપુર નગરપાલિકાના કામ જીયુડીસીને ન આપવા પાલનપુર નગરપાલિકામાં રજૂઆત કરવામાં આવી હતી.જેથી જનરલ બોર્ડ દ્વારા આ બાબતને સર્વાનું મતે બોર્ડમાં મંજુર કરવામાં આવ્યો છે.આગામી સમયમાં આ ઠરાવની કોપી ઉચ્ચકક્ષાએ મોકલવામાં આવશે.

ગામડીની યુવતી ITBP ફોર્સમાં જોડાતા બહુમાન...

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકના ગામડી ગામના બાબુસિંહ રાજુસિંહ પરમારની સુપુત્રી ડિમ્પલબા ઈન્ડો તિબેટન બોર્ડર પોલીસ ફોસ ITBP ની ભરતીમાં સિલેક્ટ થઈ ટ્રેનિંગ પૂરી કરી વતનમાં આવતા ગ્રામજનો દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

પાલનપુરની ઐતિહાસીક ઈમારત મીઠીવાવની સફાઇ કરાઇ

પાલનપુર તા.૧૦

પાલનપુર મીરાદરવાજા વિસ્તારમાં આવેલ ઐતિહાસીક ઈમારત મીઠીવાવની રવિવારે સફાઇ કરવામાં આવી હતી.

પાલનપુરના મીરાગેટ દરવાજા વિસ્તારમાં ઐતિહાસીક મીઠીવાવની લાંબા સમયથી સફાઇ ન કરતા કચરો એકત્ર થઇ ગયો હતો.જેના પગલે પાલનપુર નગરપાલિકા સેનિટેશન શાખા અને પાલનપુર ઈનર વિલ ક્લબ દ્વારા રવિવારના રોજ સવારના સમયે ઐતિહાસીક ઈમારત મીઠીવાવની સફાઇ કરી ચોખ્ખી કરવામાં આવી હતી.જેમાં પ્રમુખ હેતલબેન રાવલ, સેનિટેશન ચેરમેન અમીબેન પટેલ,ઈનરવિલના સભ્યો સહીત નગરસેવકો અને સફાઇ કામદાર ભાઈઓ બહેનો હાજર રહી સફાઇ કરવામાં આવી હતી.

કાણોદરથી મહેસાણાનો જાહેર માર્ગ પર લોકો કરી રહ્યા છે જીવના જોખમે મુસાફરી

પાલનપુર તા. ૧૦

બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદ થતા વરસાદ ની પહેલી ધારમાં જાહેર માર્ગ ના પોપડા ઉખડી જતા ભ્રષ્ટાચારની પોલ સામે આવી છે ત્યારે કાણોદર થી મહેસાણા નો જાહેર માર્ગ પર ખાડા રાજ જોવા મળી રહ્યું છે ત્યારે આ જાહેર માર્ગ ઉપર અનેક લોકો જીવના જોખમે મુસાફરી કરી રહ્યા છે ત્યારે તંત્ર આ બાબતે અજાણ છે ત્યારે કાણોદર થી મહેસાણા ના જાહેર માર્ગ ઉપર મસમોટા ખાડા પડ્યા હોવા છતાં હાઈવે ઓથોરિટી ના કોન્ટ્રાક્ટરોને આ ખાડા દેખાતા નથી આ ખાડા ને કારણે અનેક લોકોને મોતને ઘાટ ઉતાર્યો છે અને અનેક લોકોએ જીવ ગુમાવ્યો છે છતાં પણ આ ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરો નું પેટનું પાણી હલતું નથી ત્યારે સવાલ એ ઊભો થયો છે કે હાઈવે ઓથોરિટી આવા ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરોને કોન્ટ્રાક્ટ કેમ આપે છે જેને લઈને અનેક સવાલ ઉભા થયા છે ત્યારે જાહેર માર્ગો ઉપર મસમોટા ખાડા ને કારણે અનેક વાહનચાલકો ના વાહનોને ભારે નુકસાન પડી રહ્યું છે બીજી બાજુ કોરોના કારણે અનેક લોકોના વ્યવસાય બંધ હાલતમાં છે ત્યારે આ ખાડાઓના કારણે વાહનો ને થતું નુકશાન નું ખર્ચ ઉઠાવી પણ શકતા નથી જેથી લોકોને પોતાનું ગુજરાન ચલાવવુ મુશ્કેલ પડે છે જેથી સત્વરે આવા કોન્ટ્રાક્ટરો પર હાઈવે ઓથોરિટી દ્વારા લાલઆંખ કરી આ ખાડાઓ પૂરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે....

પાલનપુર અને મેરવાડા વેજલપુર વચ્ચે પાણીની પાઈપ લાઈનમાં લીકેજ પાણીનો વેડફાડ

પાલનપુર તા. ૧૦

ધરોઈ થી પીવા માટેના પાણી ની આવતી પાઈપલાઈન માં મેરવાડા સેજલપુરા ગામ વચ્ચે પાઈપ લીકેજ થતાં પાણી નો વેડફાટ થઈ રહ્યો હતો. એક બાજુ બનાસકાંઠા માં ચોમાસુ સીઝન માં વરસાદ નહિવત થતાં ડેમ ખાલી પડ્યા છે.જેના લીધે આવનારા સમયમાં પાણી ની વિકટ સમસ્યા સર્જાય તેવી શક્યતા છે તો બીજી તરફ હાલ જિલ્લાના મુખ્ય મથક પાલનપુર સહિત ઘણા ગામડાઓ માં પીવા માટે નું પાણી ધરોઈ ડેમ માંથી પાઈપ લાઈન દ્વારા આવી રહ્યું છે ત્યારે ધરોઈ થી આવતી પાણીની પાઈપ લાઈન માં લીકેજ થતા હજારો લિટર પાણી જમીન પર વહી રહ્યું હતું ઘણીવાર આવી રીતે પાણી વેડફાટ થતાં તંત્ર દ્વારા આં પાઈપ લાઈન ને લઈ યોગ્ય રીતે સમારકામ તેમજ સર સંભાળ રાખવામાં આવે તેવી લોકો ની માંગ છે?

પાલનપુર બિલ્ડર એસોસિશનની કારોબારી મિટીંગ યોજાઈ

પાલનપુર તા. ૧૦

પાલનપુર બિલ્ડર એસોસિયેશન (યુનિટ ઓફ ક્રેડાઈ) ની કારોબારીની મીટીંગ યોજાઈ હતી.જેમાં સિમેન્ટ અને સ્ટીલ કંપનીઓ દ્વારા કરવામાં આવેલ ભાવ વધારો તથા અન્ય રો મટીરીયલ્સ જેવા કે સિમેન્ટ પેવર્સ બ્લોક, સેનેટરી આઈટમ્સ, હાર્ડવેર આઈટમ્સ, પીવીસી પાઈપ, સિરામિક ની તમામ પ્રોડકટ, તેમજ ઈંટો, સાઈટ ઉપર કન્સ્ટ્રકશનમાં વપરાતા તમામ રો મટિરિયલ્સના ૧૦ % થી માંડી ૪૦% સુધીનો વધારો છેલ્લા ૧ વર્ષમાં થયેલો છે . તો તેની ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે તમામ સભ્યોએ મકાન ની જૂની કિંમતોમાં નુકસાન થઈ રહ્યું છે . માટે બધા જ મિત્રો એ ભેગા મળી ૧ માસ પછી ૧૦ % થી ૧૫ % મકાનોની કિંમતમાં વધારો કરવો તેવું નક્કી કરેલ છે. જે બુકિંગ બાકી છે જેમાં મકાન , ફ્લેટ તેમજ કોમર્શિયલમાં ૧૦ % થી ૧૫% ભાવ વધારો લાગુ પડશે તેવું નક્કી કરવામાં આવેલ છે.

પાલનપુરમાં કારમાં આગ લાગતા અફરાતફરી મચી

પાલનપુર તા. ૧૦

પાલનપુરના દિલ્હીગેટ વિસ્તારમાં આવેલા જુના કબ્રસ્તાનમાં અત્યારે વાહનો પાર્કિંગ થાય છે અને ટેક્સીઓ ઉભી રહે છે ત્યાં રવિવારે સવારે એક કાર ચાલકે પોતાની કાર પાર્ક કરી બહાર ગયાં હતાં ત્યારે અચાનક જ કારમાંથી આગની જ્વાળાઓ ફાટી નીકળી હતી જોકે કારમાં કોઈ ન હોવાથી જાનહાનિ ટળી હતી અને સમગ્ર વિસ્તારમાં અફરા તફરી મચી ગઈ હતી.જોકે પાલિકાના ફાયર ફાઈટરે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પાણીનો છટકાવ કરી આગ પર કાબુ મેળવ્યો હતો.

અંબાજી ખાતે ચાલતા સદાવ્રતનો પ્રાયોગિક સમયગાળો પૂર્ણ થતાં સોમવારથી રાહત દરે અંબિકા ભોજનાલય શરૂ થશે

પાલનપુર તા. ૧૦

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે અંબિકા ભોજનાલયમાં તા.૧૪/૬/ ૨૦૨૧ થી પ્રાયોગિક ધોરણે વિનામૂલ્યે ભોજન શરૂ કરવામાં આવ્યું હતું. આ સદાવ્રતમાં આપ સૌનો ખૂબ જ સારો સહકાર પ્રાપ્ત થયેલ છે. આપના સહકારથી જ અંબિકા ભોજનલાય ખાતે અન્નદાનની સેવા થઈ શકી છે. પ્રાયોગિક સમયગાળો પૂર્ણ થતાં આવતીકાલ તા.૧ /૧૧ / ૨૦૨૧ને સોમવારથી અગાઉની જેમ જ રાહત દરે અંબિકા ભોજનલાય કાર્યરત થશે. શ્રી અંબિકા ભોજનલાયનો સમય સવારે ૧૦.૦૦ થી ૩.૦૦ અને સાંજે ૬.૦૦ થી રાત્રિના ૯.૦૦ સુધીનો રહેશે. તેમ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જણાવ્યું છે.

શહેરમાં રાજીવ આવાસ અને ભૂગર્ભ ગટરના કામ પુરા કરવા તાકીદ કરી

પાલનપુર તા. ૧૦

ગાંધીનગર નગરપાલિકા પ્રાદેશિક કમિશ્નરે શુક્રવારે પાલનપુર નગરપાલિકાની મુલાકાત લીધી હતી. જ્યાં જીલ્લાની નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે બેઠક કરી હતી. જેમાં પાલનપુરના રાજીવ ગાંધી આવાસ યોજના અને ભૂર્ગભગટર લાઈનના કામો પુરા કરવા તાકીદ કરાઈ હતી. આ ઉપરાંત પાલનપુરમાં ૧૨૦ કરોડ, થરામાં ૩૦ કરોડના વિકાસના કામોને વહિવટી મંજુરી અપાઈ હતી.

ગાંધીનગર નગરપાલિકા પ્રાદેશિક કમિશ્નર ડી. કે. પરીખે શુક્રવારે પાલનપુર નગરપાલિકાની મુલાકાત લીધી હતી. આ અંગે પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસર સતીષ પટેલે જણાવ્યું હતુ કે, જીલ્લાની પાલનપુર, થરા અને ભાભર નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે કમિશ્નરે બેઠક કરી હતી. જેમાં પાલનપુરમાં સ્થળ ઉપર જઈ રાજીવ ગાંધી આવાસ યોજના અને ભૂર્ગભગટર લાઈનના કામો પુરા કરવા તાકીદ કરાઈ હતી. આ ઉપરાંત પાલનપુરમાં ૧૦ લાખના વિકાસના કામોને વહિવટી મંજુરી અપાઈ હતી. જ્યારે થરામાં ૩૦ લાખના અને ભાભરના ૪૯ લાખના વિકાસના કામોને તાંત્રિક મંજુરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પાલનપુર શહેરમાં ભૂર્ગભ ગટરના પ્રશ્ને શહેરીજનો પરેશાની ભોગવી રહ્યા છે. તાજેતરમાં એક જાગૃત નાગરિકે ભૂર્ગભ ગટરના ખોદકામને કારણે રસ્તા સહિતના પ્રશ્ને પડતી મુશ્કેલીઓ માટે લડત આદરી હતી. અનસન પણ કર્યા હતા. જેની જિલ્લાના તંત્ર દ્વારા ગાંધીનગર ખાતે જાણ કરવામાં આવતાં વહિવટીતંત્ર દોડતું થયું હતુ. દરમિયાન આ મુદ્દાને ધ્યાનમાં લઈને જ આજે ગાંધીનગર વિકાસ કમિશ્નર પણ પાલનપુર આવ્યા હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

કહેવાય? સાચું પૌરુષત્વ તો જીવન ઉત્કર્ષમાં અવરોધક બળોને મ્હાત કરવામાં છે. નૂતન વર્ષે એક ટચૂકડો સંકલ્પ લઈએ કે નજીવી વાતમાં ગુસ્સો નહીં કરીએ. ઉદાર અને સહિષ્ણુ બનીએ. કોરોનાએ કાન પકડીને સમજાવી દીધું કે દુશ્મનો કરતાં વધુ ને વધુ મિત્રોની જરૂર છે. લેવા દેવા વગર દુશ્મનો વધાર્યે જવાથી શો લાભ ? યોગ વસિષ્ઠમાં કહેવાયું છે; - અમૃતત્વં વિષ યાતિ સદૈવામૃત વેદનાત્ ।

શત્રુ મિત્રત્વમાયાતિ મિત્રં સંવિત્તિ વેદનાત્ ॥ -

અર્થાત્ સદાય અમૃત રુપે ચિંતન કરવાથી વિષ પણ અમૃત બની જાય છે, અને મિત્રભાવથી જ હંમેશા ચિંતન કરવાથી શત્રુ પણ મિત્ર બની જાય છે.

દોસ્તો, નૂતનવર્ષ સિલકમાં બચેલા સદ્ભાવને જમાં પુરાંત ગણી એક નૂતન પ્રેમ - રાજય - મૈત્રી રાજય સ્થાપીએ.... ગુણિયલ બનીએ... સૌનું કલ્યાણ વાંચ્છીએ...!!!

સ્પર્શમણિ :

ક્ષમા એક વ્યક્તિ કરે છે અને મુક્ત બે વ્યક્તિ થાય છે.

● ●

મુઠ્ઠીભર હૈયું ને ખોબાભર પેટ, મુદ્દા તો બે જ પણ કેટકેટલી વેઠ...!

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન